**આંક – ૧ લગત હુકમ : (ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ– ૨૩૯ અન્વયે)**

---------------------------------------------------

(૧.૦) રેકર્ડ વંચાણે લીધુ. આ કામના આરોપી સામે ધી. ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ (ગુજરાત પ્રોહીબીશન સુધારા અધિનિયમ, ૨૦૧૭) ની **કલમ– ૬૬(૧) બી, ૮૫ મુજબ** નો ગુન્હો કર્યાનો આક્ષેપ છે. કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે મુજબ **કલમ– ૬૬(૧)બી માં અફીણ સિવાયના અન્ય નશાયુકત પદાર્થ નુ સેવન કરવા અંગે અને કલમ– ૮૫ માં આવી કોઈ વસ્તુનુ સેવન કરી છાકટા બની જાહેર જગ્યા એ શિસ્તહીત વર્તન કરવા અંગે** સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨.૦) આ પ્રકારના આક્ષેપ સબંધે આરોપી નશાની અસર તળે હતા તે બાબત પ્રસ્થાપિત કરવા માટે ધી. ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ– ૧૨૯(એ) મુજબ આરોપી નુ બ્લડ કલેકટ કરી તેને પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવે તે જરુરી છે. કલમ– ૧ ૨૯(એ) (૧) અને (૨) થી આ સબંધે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

> **129A. Power to require persons to submit to medical examination, etc.**
>
> (1) Where in the investigation of any offence under this Act, any Prohibition Officer duly empowered in this behalf by the State Government or any Police Officer has reasonable ground for believing that a person has consumed an intoxicant and that for the purpose of establishing that he has consumed an intoxicant or for the procuring of evidence thereof it is necessary that his body be medically examined, or that his blood be collected for being tested for determining the percentage of alcohol therein, such Prohibition Officer or Police Officer may produce such person before a registered medical practitioner (authorised by general or special order by the State Government in this behalf) for the purpose of such medical examination or collection of blood, and request such

registered medical practitioner to furnish a certificate on his finding whether such person has consumed any intoxicant and to forward the blood collected by him for the test to the Chemical Examiner or Assistant Chemical Examiner to Government, or to such other officer as the State Government may appoint in this behalf.

(2) The registered medical practitioner, before whom such person has been produced, shall examine such person and collect and forward in the manner prescribed the blood of such person and furnish to the officer by whom such person has been produced, a certificate in the prescribed form containing the result of his examination. The Chemical Examiner or Assistant Chemical Examiner to Government, or other officer appointed under sub-section (1) shall certify the result of the test of the blood, forwarded to him, stating therein in the prescribed form, the percentage of alcohol and such other particulars as may be necessary or relevant.

(૩.૦) હાથ પરના કામમાં ફરીયાદ પક્ષે આરોપી ના બ્લડ સેમ્પલના પૃથ્થકરણ નો કોઈ રીપોર્ટ પ્રસ્તુત કરેલ નથી. ચાર્જશીટ રજીસ્ટરે લીધા બાદ આટલા લાંબા સમય સુધી કાર્યવાહી પેન્ડીંગ છે આ દરમ્યાન પણ પૃથ્થકરણનો કોઈ રીપોર્ટ ફરીયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ નથી. કલમ– ૧૨૯ (એ) મુજબની કોઈ કાર્યવાહી તપાસ કરનાર અમલદારે કરેલ હોવાનુ જણાતુ નથી. આ સંજોગોમાં આરોપીને હાજર કરી, તેઓની પ્લી રેકર્ડ કરી અને પછી ફરીયાદ પક્ષના તમામ સાહેદોને તપાસવામાં આવે તો પણ મુદામાલ પૃથ્થકરણના અહેવાલના અભાવે આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય તેવી કોઈ શકયતા જ નથી. આ બાબત સાથે ક્રિમીનલ પ્ર ોસીઝર કોડ કલમ– ૨૩૯ ની જોગવાઈ ધ્યાને લઈ નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૩૯ અન્વયે આરોપીને તેઓ સામેના આક્ષેપીત ગુન્હાના કામે **બીનતહોમતે મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.**

૨. મુદામાલ પૃથ્થકરણનો અહેવાલ સામેલ રાખી સમય મર્યાદામાં ફરી ચાર્જશીટ પ્રસ્તુત કરવા સામે આ હુકમથી કોઈ બાધ હોવાનુ ગણાશે નહી.

૩. મુદામાલ પાવતીની વિગતે કબજે લીધેલ મુદામાલ પ્રવાહી પૈકી સેમ્પલ બોટલ સીવાયનો મુદામાલ અપીલ સમય વિત્યે નાસ કરવા માટે પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૪/૦૯/૨૦૨૪ ની **લોક અદાલતના સ્પેશ્યલ સીટીંગમાં** ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

તા. ૧૪/૦૯/૨૦૨૪

દશરથસિંહ જાલમસિંહ પરમાર

૩૫માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૩૯)

અમદાવાદ શહેર

જી.જે.૦૧૧૭૧